### આ જગતને...

સાચાને તો આંચ ન આવે,
આંચકો દેતાં આ જગતને,
ભોમે ભોમ ફરી વળેલાં ,
મળ્યાં છે એવાં આ જગતને.
છાના કરે પાપ ઢગલો,
સાચું ન કેતાં આ જગતને,
પાપ કદી નહીં જ છીપે,
વંદુ જો છીપે આ જગતને.
યુદ્ધો લડતાં હેઠે બેઠા,
ઉઠાડે કોણ આ જગતને,
વર્ણો, ધર્મો,જાતિ, પાતી,
કપટ પેટે આ જગતને.
થોકડે થોકડા ગ્નંથો દેતાં,
બોધ ઊંચો આ જગતને,
વળી કીધાં છે તપો તપી,
સુખ જ દેવા આ જગતને.
વિસરાઇ ગયું એ બધું,
મળ્યા કંસો આ જગતને,
દેહે વિદેહી બની રેજો,
પાછા ન જોતા આ જગતને.
કાપા કાપી ભૂલી જઇને,
સંદેશો દેજો આ જગતને,
અમે રે પ્રેમી સંપી રેશું,
બદલી દેશું આ જગતને.
અધધ ! ઊંડા મુજ તળે,
મોતી વિણતા આ જગતને,
મોજે મોજાં ઉછળું તોયે,
કશુ ન કરું આ જગતને.
પાતાળેથી મોંઘું સઘળું,
ધરી દીધું છે આ જગતને,
તમે રેવા દીધું ન કશું,
મફત દેવા આ જગતને.
છો ઉડતા ગગન ઊંચે,
નિહાળી લેવા આ જગતને,
આવીને ધરા પર કેજો,
કેવું કહેવું આ જગતને.
વિવિધ વૃક્ષો વગડે વસે,
બધું દેવા આ જગતને,
પણ એ તો રોજ વઢાતાં,
શુંએ વઢીએ આ જગતને.
નિત નવા વિનાશકારી,
રોગો જ ભેટે આ જગતને,
હઠ કરી ગળે ન પડે,
ચેતવી દેજો આ જગતને.
ખમાય નહીં તુજને તો,
સીધું ચિંધજે આ જગતને.
વિભુ વંદિએ હવે તને,
ગુણોથી મઢ આ જગતને.

- રસિક કટારા

## શારીરિક શિક્ષણ વિભાગ, ગૂજરાત વિદ્યાપીઠ

# સાદરાના વિદ્યાર્થીઓની કોરોના યોદ્ધાઓ તરીકેની ઉત્તમ કામગીરી





ગાંધીનગર, તા. ૨૧

શારીરિક શિક્ષણ અને રમત વિજ્ઞાન વિદ્યાશાખા, ગૂજરાત વિદ્યાપીઠ, સાદરાના વિદ્યાર્થીઓ કોરોના વાયરસની સામે પોતપોતાની રીતે એક યોદ્ધા તરીકે કામગીરી કરી રહ્યા છે પૂજ્ય બાપુ દ્વારા સ્થાપિત ગૂજરાત વિદ્યાપીઠના વિદ્યાર્થીઓ હરહમેશ જયારે પણ કોઈ મુશ્કેલી સમાજ સામે આવે છે ત્યારે સમાજના પછાત અને ગામડાના ગરીબ લોકો માટે સેવાના કામ કરે છે ભલે ગુજરાતમાં આવેલા ભૂકંપ હોય, અમરેલીમાં આવેલુ પુર હોય, સુરતમાં આવેલું પુર, બનાસકાંઠામાં આવેલું પુર, જમ્મુ કાશ્મીરમાં આવેલા ભૂકંપ, આસામ રાજ્યમાં થયેલી હિંસા દરેક આપદાઓમાં ગૂજરાત વિદ્યાપીઠના શારીરિક શિક્ષણ વિભાગના વિદ્યાર્થીઓએ સમાજ માટે રાહતની કામગીરી કરે છે હાલમાં પણ આખા વિશ્વની સામે થઈ રહી કોરોના વાયરસની મુશ્કેલીમાં પણ રાષ્ટ્રીય સેવા યોજના એકમના સ્વયંસેવક પોતપોતાની રીતે આ લડાઈમાં ભારત સરકારના નિયમોને ધ્યાનમાં રાખી કામગીરી કરી રહ્યા છે.

ભાઈ અને બહેન સેવકો સોશલ મીડિયાના માધ્યમથી આ મહામારી વિષે લોકોને જાગૃત્ત કરી રહ્યા છે અને આયુષ મંત્રાલય દ્વારા આપવામાં આવેલી જાગૃત્તિના સાહિત્ય સોશલ મીડિયાના માધ્યમથી લોકો સુધી પહુચાવી રહ્યા છે જયારે વિશેષમાં કરણ રાઠોડ અને નીતા પરમાર સ્વયમ સેવક દ્વારા માસ્કનું નિર્માણ કરી રહ્યા છે અને સોશલ ડિસ્ટન્સને ધ્યાનમાં રાખી ગરીબ અને જરૂરતમંદ લોકોને વિતરિત કરી રહ્યા છે અને ભારત સરકાર દ્વારા આપેલી ગાઈડ લાઈન પ્રમાણે કોરોના વાયરસની લડાઈમાં એક સાચા ગૂજરાત વિદ્યાપીઠના વિદ્યાર્થી અને સાચા રાષ્ટ્રીય સેવા યોજના એકમના સ્વયંસેવકની ફરજ નિભાવી રહ્યા છે તેમની આ સરસ કામગીરી માટે કુલનાયકશ્રી ડૉ. અનામીકભાઈ શાહ , કાર્યકારી કુલસચિવશ્રી ડૉ. ભરતભાઈ જોશી, માનદ નિયામકશ્રી ડૉ. રાજેન્દ્ર ભાઈ ખીમાણી, ડીનશ્રી ડૉ. પ્રભુલાલ કાસુન્દ્રા અને રાષ્ટ્રીય સેવા યોજના એકમના પ્રોગ્રામ ઓફિસર ડૉ. નીરજ સિલાવટ ખુબજ અભિનંદન આપી રહ્યા છે.

# અક્ષયપાત્ર દ્વારા આશરે ૨,૪૦,૦૦,૦૦૦ તૈયાર ભોજનના વિતરણ થકી સિંહફાળો

ગાંધીનગર, તા. ૨૧

કોવીડ-૧૯ના સંપૂર્ણ લોકડાઉન દરમ્યાન અસરગ્રસ્ત લોકોને સરકારીશ્રી દ્વારા કરવામાં આવી રહેલ રિલીફ કાર્યમાં સહાય કરવાના આશય થકી, અક્ષયપાત્ર સંસ્થા દ્વારા આશરે જુદી-જુદી જાતિ-સમુદાયના આશરે ૨,૪૦,૦૦,૦૦૦ (બે કરોડ ચાલીસ લાખ) ભોજન પુરૂ પાડવામાં આવ્યુ જેમકે માઈગ્રેન્ટ લોકસમુદાયો, ડેઈલી-વેઝીસ શ્રમિકો, ઈન્ડસ્ટ્રિઅલ મજૂરો, ઘરવિહોણા લોકો વગેરેને ભારતના જુદા-જુદા સ્થળો પર સહાય પૂરી પાડવામાં આવી. ગુજરાતમાં અમદાવાદ, વડોદરા, સુરત, ભાવનગર અને દાદરા નગર હવેલીમાં સંસ્થાના આવેલ કેન્દ્રીયકૃત રસોડા દ્વારા તા. ૧૯ એપ્રિલ સુધી ક્યુમિલેટીવ ૨૫,૦૦,૦૦ થી વધારે ભોજન લોકોને મદદરૂપ થવાના ઉદેશથી સતત કામ કરી રહ્યું છે અને દરરોજ ગરમ તાજું ભોજન વિતરણ કરી અને જરૂરી અનાજ-કરિયાણા સાથેની ફૂડ રિલીફ કીટને વહેંચણી કરી ભારત સરકાર, જુદા-જુદા રાજયોની રાજકીય સરકાર, કેન્દ્રશાસિત પ્રદેશો અને સિવિક બોડી સાથે ખૂજ ઝીણવટતા સાથે કામ કરી રહી છે.

આ રિલીફ ફીડીંગ પુરૂં પાડવાના ભગીરથ કાર્યની શરૂઆત આંધ્રપ્રદેશ, આસામ, છત્તીસગઢ, દાદરા અને નગર હવેલી, દિલ્લી અને એન.સી.આર. વિસ્તાર, ગુજરાત, કર્ણાટકા, મધ્યપ્રદેશ, મહારાષ્ટ્ર, ઓરિસ્સા, રાજસ્થાન, તામિલનાડુ, ત્રિપુરા,ઉત્તરપ્રદેશ અને ઉત્તરાખંડમાં સફળતાપૂર્વક કરવામાં આવી છે.

અક્ષયપાત્ર તેના કિચન નેટવર્કનો ઉપયોગ



ભોજન તૈયાર કરવા માટે કરે છે અને પછી ઓથોરીટીએ જણાવેલ કેન્દ્રો પર પહોંચાડવામાં આવે છે જયાંથી જરૂરિઆતમંદ લોકોને આપવામાં આવે છે. સાથોસાથ, દેશભરના જુદા-જુદા ભાગોમાં પેકીગ સેન્ટરો પણ ઉભા કરવામાં આવ્યા છે જયાં ફૂડ રિલીફ પેકેટમાં સ્થાનિક સ્વાદ પ્રમાણે જરૂરી અનાજ-કરિયાણું પેક કરવામાં આવે છે. જેમકે બેંગ્લોરમાં વહેંચવામાં આવતી કીટમાં ચોખા, તુવેર દાળ, તેલ, ગરમ મસાલા અને રસમ પાઉડર અને સારી સેલ્ફ-લાઈફ ધરાવતી શાકભાજી જેમકે બટાકા અને પમ્પકીન પેક કરવામાં આવે છે. દરેક કીટ થકી આશરે ૪૨ કે ૨૮ વખત એક ટાઈમ ભોજન બનાવી શકાય તેટલું ધાન્ય હોય છે.

ધ અક્ષયપાત્ર સંસ્થાના ટ્રસ્ટી શ્રી જગન મોહન કૃષ્ણ દાસાએ આ પ્રયાસો વિશે જણાવતા કહ્યુ કે "સૌ કોઈની લોકભાગીદારી થકી અમો આશરે ૨,૪૦,૦૦,૦૦૦ (બે કરોડ ચાલીસ લાખ) ભોજનનું વિતરણ જરૂરીઆતમંદ લોકોને આવી આપત્તિના સમયમાં કરવામાં આવી. હું મારા સહદયથી ભારત સરકાર, રાજય સરકારો, કેન્દ્રશાસિત પ્રદેશો અને સ્થાનિકીય સીવીક બોડીસનો આભાર માનું છું કે તેઓએ અમારી સેવામાં પોતાનો વિશ્વાસ અને ભરોસો દાખવ્યો. હું અમારા સહયોગીઓ, કોર્પોરેટ અને અંગત દાતાશ્રીઓ, સ્વંયસેવકો અને શુભચિંતકો અમારી સાથોસાથ ખડે પગે ઉભા રહેવા અને પોતાનું અમૂલ્ય યોગદાન આપવા માટે આભારી છીએ. હું ગંભીરરીતે આશા રાખું છું કે આ પરિસ્થિતિમાં વહેલો સુધારો થશે અને લોકો પાછા પોતાના રોજીંદા જીવન શૈલીમાં પાછા ફરશે. ત્યાં સુધી અમો શક્ય તેટલા વધુ લોકોને અમારા સતત અથાગ પ્રયાસો દ્વારા સેવા પૂરી પાડીશું."




વિશ્વમાં કોરોના પ્રકોપને હરાવવા માટે ગાંધીનગર શહેરમાં વસતી પંડ્યા પરિવારની દિકરીઓએ Stay Home, Stay Safeનો સંદેશો આપ્યો હતો...

# ચાલો પાડોશી ધર્મ સાથે માનવતાવાદી બની ધર્મ નિભાવીએ

ગાંધીનગર,તા. ૨૧

ગાંધીનગરની સ્થાપનાથી લઈને ગાંધીનગર શહેર વસાહત મહામંડળ માનવતાવાદી કાર્યો કરી રહ્યા છે. નગરમાં અંતિમધામ ભૂલાયું હતું તેની રજુઆતથી લઈ નવું અંતિમધામ બન્યું ત્યાં સુધી મહામંડળે તમામ જવાબદારી નિભાવી લોકસેવાનું તથા બિનનિવાસી લાશોનાં અંતિમ સંસ્કાર કરવાનું કપરું કામ આરંભેલ હતું.

સમયાંતરે અન્ય સંસ્થાઓ પણ તેમાં જોડાઈ હતી. તેથી નગરજનોને અપીલ કરવામાં આવે છે, હાલમાં નગરમાં થતા અવસાન પ્રસંગે સરકારની દસથી વધુ વ્યક્તિએ એકત્ર ન થવા પર પ્રતિબંધ હોઈ સ્વાભાવિક રીતે જ અંતિમવિધિમાં લોકો જતા નથી. પરંતુ પડોશી ધર્મ, નાત, જાત, ધર્મ ભુલી સેકટરમાં, અડોશપડોશમાં જયારે દુઃખદ બનાવ બને ત્યારે તેને મદદે જવાનું ભૂલીએ નહીં અને સહકાર આપીએ.

નગરની પ્રણાલિકાને સમર્થન કરીએ તેવી સૌ નગરજનોને વિનંતી છે.

મહામંડળ વતી અરુણ બુચ, શશીકાંત મોઢા, નિલેન્દુ વોરા, મયુર વ્યાસ, પ્રદિપ સોલંકી, મુકેશ શુક્લ, ભૂપેન્દ્ર મહેતા સહિત સૌ અપીલ કરી નગરજનોને વિનંતી કરે છે.

# મહામારીની અવધિ બાદ ટપાલ વિતરણ સેવા આરંભ કરવા માંગ

ગાંધીનગર,તા. ૨૧

ગાંધીનગર શહેર એન ગુડા વિસ્તાર તથા સમગ્ર ડીવીઝનમાં છેલ્લા કેટલાય સમયથી ટપાલ વિતરણ મહામારીને કારણે બંધ છે, હવે જયારે પુનઃ અંશત છૂટછાટો મુકી છે, ટપાલ વિભાગે પણ જયારે કંટ્રોલ રુમ શરુ કરેલ છે. ત્યારે ટપાલ વિતરણ સેવાઓ શરુ કરવા ગાંધીનગર શહેર વસાહત મહામંડળ વતી અરુણ બુચ, મયુર વ્યાસ, કિશોર જીકાદરા, પ્રદિપ સોલંકી, ભાનુભાઈ દવે સહિત સૌએ રજુઆ કરી છે કે, ટપાલ વિતરણ સેવા શરુ કરવામાં આવે તેનું આગોતરું આયોજન કરી અગત્યના નાણાંકીય વ્યવહારો સાથે જોડાયેલ સેવાઓને લગતી ટપાલો, નાણાંકીય લેવડદેવલની વ્યવસ્થા યુદ્ધના ધોરણે હાથ ધરવા ડાક અધિક્ષક કે બી સિસોદિયા તથા મુખ્ય ટપાલ કચેરીના પોસ્ટ માસ્ટર સમક્ષ મહામંડળ દ્વારા કરવામાં આવી છે.

અને તાત્કાલિક ટપાલ સેવા પુનઃ જીવિત કરી લોકો સુધી પહોંચાડવા પણ અપીલ કરી છે.

## ડાયરેક્ટ ❤ સે

સપનાઓ તૂટવા પણ
જરૂરી છે
જિંદગીમાં...
ખબર તો પડે
આપણામાં કેટલી
ત્રેવડ છે પાછું
ઉઠવાની !!!

## જન્મદિને વધામણી



દિનેશ પી. બ્રહ્મભટ્ટ



શ્રેયા જસ્મીન જોશી
મો. ૯૮૭૯૭ ૪૯૦૯૫



કર્તવ્ય ટાટરિઆ



પ્રકાશ એમ વાળા
સભ્ય, રેડક્રોસ સોસાયટી, ગાંધીનગર



હર્ષ નીતીનભાઈ મહેરિયા

# વિશ્વ ધરતી દિન ૨૦૨૦: ક્લાયમેટને અનુકૂળ પગલાં લઈએ

ધરતી દિન, ૨૨મી એપ્રિલના રોજ દર વર્ષે ઉજવાતો એક નોખો પ્રસંગ છે. યુનાઇટેડ નેશન્સ સંસ્થાની તારીખ ૨૨મી એપ્રિલ ૨૦૦૯ના રોજ સામાન્ય સભાના ઠરાવથી, ૨૨મી એપ્રિલના દિવસને 'વિશ્વ ધરતીદિન' તરીકે દર વર્ષે ઉજવવાનું નક્કી થયું છે.

૧૯૬૦ના દાયકામાં, યુએસ- યુનાઇટેડ સ્ટેટ્સમાં ઘણા સ્થળો ખાતે ઉદ્યોગોના ધુમાડાથી હવા પ્રદૂષણની સમસ્યાએ માનવ આરોગ્યને વિપરીત અસરો કરી હતી. વર્ષ ૧૯૬૨માં, રચેલ કાર્સન નામના વિખ્યાત મહિલા જીવવિજ્ઞાનશાસ્ત્રીએ જંતુનાશક ડીડીટીના છંટકાવને કારણે પક્ષીઓ અને પશુઓની સંખ્યામાં મોટા પાયે થઇ રહેલા વિનાશ માટે ચેતવણી આપી હતી. વર્ષ ૧૯૬૮માં, જમીનો અને જંગલો પર બૂલ્ડોઝર ફેરવવા માટે માનવ વસવાટ જવાબદાર ગણાયું હતું. ઓહિયોની કુયાહોગા નદીમાં જોખમી કચરો ઠલવાતો હતો. કેલિફોર્નિયાના સાન્તા બાર્બરા ખાતે વિશાળપાયે ખનીજ ઓઇલ ઢોળાવાથી જીવસૃષ્ટિ સહિતને થયેલ હાનીની દૂર્ઘટનાથી દ્રવિત થયેલ અમેરિકાના વિસ્કોન્સિનના સેનેટર ગેલોર્ડ નેલ્સને ૧૯૬૦ના દાયકા દરમિયાન પર્યાવરણીય સંરક્ષણ માટે પ્રસ્તાવ મૂક્યો હતો. લોકો પૃથ્વીની અસહ્ય પીડા અનુભવી રહ્યા હતાં. ગેલોર્ડ નેલ્સનના એલાનથી પ્રેરિત બે કરોડથી વધુ અમેરિકન નાગરિકોએ પર્યવરણીય નિસ્બતની સંવેદના પ્રગટ કરવા તારીખ ૨૨મી એપ્રિલ ૧૯૭૦ના રોજ પૃથ્વીના સંરક્ષણ માટે સમગ્ર યુનાઇટેડ સ્ટેટ્સમાં ઠેરઠેર દેખાવો કર્યા હતા.

લાખો લોકોના પ્રદર્શિત થયેલ આક્રોશના દબાણ હેઠળ યુનાઇટેડ સ્ટેટ્સની સરકારને એક પછી એક, પર્યાવરણીય કાયદાઓ બનાવવાની ફરજ પડી. ત્યારબાદ, ૨૨મી એપ્રિલનો દિવસ ધરતીદિન તરીકે ઉજવાતો રહ્યો. આ ઘટનાથી વીસ વર્ષ સુધીમાં, ૧૪૧ દેશોના ૨૦ કરોડ લોકોએ ધરતીદિનની ઉજવણીમાં ભાગ લઇને વૈશ્વિક ફલકનું સ્થાન આપ્યું છે. હવે, વિશ્વમાં ૧૯૨ દેશ પ્રતિવર્ષ ધરતીદિન ઉજવે છે.

માનવી અને બાકીની જીવસૃષ્ટી વચ્ચેનો સંગ્રામ હજી પણ યથાવત છે. યુએસના વૉશિંગ્ટન ડી.સી.માં ધ ઈડીએન- 'અર્થ ડે નેટવર્ક' નામની બિન-નફાકારક સંસ્થા, પર્યાવરણીય સેવાઓના ક્ષેત્રમાં વર્ષ ૧૯૯૪થી અગ્રેસર ભૂમિકા અદા કરી રહેલ છે. આ ઈડીએન સંસ્થા, ૧૯૫ દેશોમાંથી ૫૦ હજારથી વધુ સહભાગીઓના સથવારે કાર્યરત્ છે. ધરતીમાતાની કાળજી લેવા પ્રારંભ થયેલ ઘટનાને હવે ૫૦ વર્ષ થયા છે. હજી પણ અનુકૂળ ક્લાયમેટ અને આપણા ભાવી માટે આપણે ઝઝૂમી રહ્યા છીએ. ઈડીએન સંસ્થાએ વર્તમાન વર્ષ ૨૦૨૦ના ધરતીદિનનું વિષયવસ્તુ-થીમ 'ક્લાયમેટ એક્શન' અર્થાત્, 'ક્લાયમેટને અનુકૂળ પગલાં લઇએ' જાહેર કર્યું છે. વર્તમાન વર્ષે ધરતીદિનની ૫૦મી વર્ષગાંઠની ઉજવણીના વર્ષ દરમિયાન, 'કેનોપી પ્રોજેક્ટ' હેઠળ વિશ્વભરમાં મળીને ૭૮૦ કરોડ રોપારોપણનું ભગીરથ લક્ષ રાખ્યું છે.

આપણા વિશ્વને વસવાટ યોગ્ય રાખવા માનવજાતિના ભાવિ અને તેની જીવાદોરીના માળખાં માટે ક્લાયમેટ ચેન્જ સૌથી મોટો પડકાર છે. આ પડકાર પ્રચંડ છે. ક્લાયમેટ ચેન્જને પહોંચી વળવા માટે ક્લાયમેટને અનુકૂળ પગલાં લેવા આપણી પાસે ભરપૂર તકો ઉપલબ્ધ છે. આપણી બેજવાબદાર જીવનશૈલીને બદલે, એક સારું જીવન જીવવાની અગ્રતા કેળવવી જોઇએ. વર્ષ ૧૯૯૨માં, રીયો ડિક્લરેશનના નામે પ્રચલિત થયેલ કરારમાં પણ આ બાબતનો ઉલ્લેખ છે. પૃથ્વી અને પ્રકૃતિ સાથે સુમેળ સાધીએ.

આપણી વર્તમાન અને ભાવિ પેઢીઓની સાંસ્કૃતિક, સામાજિક તેમજ પર્યાવરણીય જરૂરિયાતોનું ચાલો, આપણે સંતુલન જાળવીએ. આપણે વાયુ પ્રદૂષણ, ક્લાયમેટ ચેન્જ, ગ્લોબલ વૉર્મિંગ, વગેરે જેવા અનેક પર્યાવરણીય બાબતોનો આપણે સામનો કરી રહ્યાં છીએ. વળી, આ ઉપરાંત, લાખો માનવો પર નોવેલ કોરોના વાયરસ રોગચાળાનો હુમલો થયો છે. આ રોગચાળામાં વૈશ્વિક સ્તરે દસ લાખથી વધુ લોકોએ જીવ ગુમાવ્યા છે. મૃત્યુનો આંક હજી વધી રહ્યો છે. વિશ્વમાં સેંકડો દેશો આ વૈશ્વિક મહામારીના શિકાર બન્યા છે. જેથી, સંબંધિત સત્તાધિકાર તંત્રના મોનીટરીંગ હેઠળ, વિશ્વભરમાં નીપજતા દરરોજ હજારો કિલો બાયો-મેડિકલ કચરોને વૈજ્ઞાનિક પદ્ધતિથી બાળવામાં આવી રહ્યો છે. આ અનિવાર્ય પ્રક્રિયાથી પણ ક્લાયમેટ પર વિપરીત પ્રભાવ થાય છે.




ભલે વર્તમાન સંજોગો આપણને હાલમાં અલગ રાખી રહ્યાં છે, તેમ છતાં, સમગ્ર માનવજાતિના આશ્રયરૂપ ધરતીમાતાની માવજતના સંગ્રામમાં, આજે ધરતીદિને આપણે સૌ પરસ્પર સાથે છીએ. આ સંજોગો આપણા અવાજને મૂક ન કરે, તેની કાળજી રાખીએ.

'ફેઇથ ફોર અર્થ' નામના ફોરમ દ્વારા પણ ધરતીદિન-૨૦૨૦ નિમિત્તે વૈશ્વિક કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું છે. વિશ્વના ધર્મોની સંસદને આ મંચ જોડી રહેલ છે. યુએન- યુનાઇટેડ નેશન્સના સહયોગમાં પર્યાવરણ સંરક્ષણની વ્યૂહરચના માટે શ્રદ્ધાળુ ધાર્મિક સંસ્થાઓને સામેલ કરવાની ઘટના તારીખ ૨૧મી એપ્રિલ ૨૦૨૦ના રોજ વર્ચૂઅલ-આભાસી વેબિનાર- વિડીયો કોન્ફર્ન્સ મારફતે અનોખો વૈશ્વિક પ્રસંગ યોજ્યો છે. આવી ધાર્મિક સંસ્થાઓને વધુમાં વધુ મળીને તેમના મારફતે પર્યાવરણીય બાબતોને અનુરૂપ કાર્યક્રમોનો અમલ કરાવડાવવાનો ઉદ્દેશ છે.

ટકાઉ વિકાસ લક્ષ્યોને હાંસલ કરવા તેમજ વર્ષ ૨૦૩૦ સુધીમાં નિયત એજન્ડા મુજબ કાર્યો પૂર્ણ કરવા માટે, ઉપરોક્ત શ્રદ્ધાળુ ધાર્મિક સંસ્થાઓને દરેક સ્તરે ભાગીદારી માટે પ્રોત્સાહિત કરી, કામગીરીઓ કરાવવા માટે સામેલ કરવાનું યુ.એન.નું મિશન છે. તેનું વિઝન, જ્યાં દરેક બાબત સંતુલિત રહે, તેવા વિશ્વ પર કેન્દ્રિત છે.

વૈશ્વિક ક્લાયમેટ ચેન્જ માટે આપણે કાળજી લેવી જોઈએ. ક્લાયમેટ ચેન્જથી પર્યાવરણ પર નોંધપાત્ર પ્રભાવો થયા છે. વિશ્વના કેટલાંક સ્થળો ગરમીનો પ્રકોપ, અનાવૃષ્ટિ, પૂર અથવા જંગલોમાં ભીષણ આગનો સામનો કરી રહ્યાં છે. પૃથ્વીના ધ્રુવ પ્રદેશોમાં હિમશિલાઓ ઘટી રહી છે અને બરફ પીગળી રહેલ છે, જેથી સમુદ્રના પાણીનું સ્તર વધી રહ્યું છે. પૃથ્વીની ૩૩ ટકા કરતાં વધુ જમીન પહેલેથી ખરાબ થયેલ છે. અને હવે વર્ષ ૨૦૫૦ સુધીમાં આ ખરાબો આશરે ૯૦ ટકાથી વધુ થઇ શકે છે. વિશ્વની વસ્તી વર્ષ ૨૦૫૦ સુધીમાં આશરે ૯૦૦ કરોડથી અધિક વધી જશે, અને ત્યારે હાલ કરતાં ૬૦ ટકા વધુ ખોરાકની જરૂરીયાત ઊભી થશે.

ઈડીએન - અર્થ ડે નેટવર્ક ઈન્ડિયા ટ્રસ્ટ વર્ષ ૨૦૧૦થી કાર્યરત થયેલ છે. ઈડીઆઇ-ઈન્ડિયા સંસ્થા પર્યાવરણીય કાર્યક્રમો યોજી રહેલ છે. ઓક્ટોબર ૨૦૧૯માં ઈડીએન- ઈન્ડિયાએ લદ્દાખમાં ૬૦૦ વર્ષ પ્રાચીન મારખા મઠને ૨૫૦ વોટની સોલર પેનલ ભેટ આપી હતી. ઈડીએન ઈન્ડિયાએ, લોક પર્યાવરણ શિક્ષા સંસ્થા સાથે મળીને ગંગા નદી સ્વચ્છતા જાગૃતિ કાર્યક્રમોના અભિયાનનો પ્રારંભ કર્યો હતો.

ઈડીઆઈ-ઈન્ડિયાએ રાજસ્થાનના રાજસમંદ જિલ્લાના પિપલાંત્રી ગામને ઈડીઆઈ-ઈન્ડિયાના પ્રથમ 'સ્ટાર' ગામ તરીકે ગણ્યું છે. પિપલાંત્રી ગામને ઈકો-ફેમનિઝમના રાજદૂત તરીકેનું ગૌરવ મળ્યું છે. આ ગ્રામજનોએ દરેક બાળકીના જન્મદીઠ ૧૧૧ વૃક્ષો ઉછેરવાનું નક્કી કર્યુ છે. આ ગામના સમાજ દિકરીના ઉછેરની સાથોસાથ વૃક્ષોનો ઉછેર અને માવજત કરે છે.

ધરતીદિન અંતર્ગત ક્લાયમેટને અનુકૂળ બની શકે તેવા કાર્યો

૧.આસપાસના છોડ કે વૃક્ષને સુરક્ષિત રાખીને સમયાંતરે તેની માવજત કરવા સહયોગ કરીએ.

૨. જન્મદિન કે અન્ય ઉજવણી પ્રસંગે છોડ કે રોપા ભેટ આપીએ, અન્યોને પ્રોત્સાહિત કરીએ.

૩. ખોરાકનો બગાડ ઘટાડવા સહયોગ કરીએ.

૪. સ્થાનિક બગીચા, તળાવ, નદી-નાળા કે દરિયાકાંઠાની સફાઈ ઝુંબેશમાં ભાગ લઈએ.

૫. કારપૂલ અપનાવીએ, સાયકલ વાપરીએ, જાહેર પરિવહન અથવા ઈલેક્ટ્રિક કે હાઈબ્રિડ વાહનનો ઉપયોગ કરીએ.

૬. વાહનના ટાયરમાં હવાનું યોગ્ય પ્રેસર રાખવાની સમયાંતરે કાળજી લઈએ.

૭. વાહનના એર ફિલ્ટરને નિયમિતપણે બદલાવીએ.

૮. મુસાફરી કરીને રૂબરૂ મળવાને બદલે ટેલિકોન્ફર્ન્સથી કામ પતાવીએ.

૯. પ્લાસ્ટિકના પ્રદૂષણને અટકાવવા યોજાતા વિવિધ અભિયાનમાં ભાગ લઈએ.

૧૦.ખાસ કરીને એક જ વખત વપરાતા ડિસ્પોઝેબલ પ્લાસ્ટિકની બોટલ્સ, બેગ્સ, સ્ટ્રો, વગેરે જેવી ચીજ-વસ્તુઓનો ઉપયોગ બંધ કરીએ.

૧૧.નકામા કાગળ, પ્લાસ્ટિક અને કાચને રિસાયકલ માટે આપીએ. તેનો કચરો ઘટાડવામાં સહાય કરીએ.

૧૨.કાગળના બદલે કાપડના નેપ્કિન્સનો ઉપયોગ કરીએ.

૧૩.પેપર પ્રિન્ટને બદલે ઈ-પેપર્સથી કામ ચલાવીએ.

૧૪.પેપર પ્રિન્ટને બદલે ઓનલાઈન ડોક્યૂમેન્ટ્સ મેળવવાનો આગ્રહ રાખીએ.

૧૫.તમામ કાગળના કચરાને રિસાયકિંલગ માટે આપવાની કાળજી લઈએ.

૧૬.પેપરની બંને બાજુ પ્રિન્ટિંગ કરવાનો આગ્રહ રાખીએ.

૧૭.બિનઉપયોગી પ્રિન્ટર, ફેક્સ અને કોપીઅરની કાટ્રિજ, વગેરે ઈ-વેસ્ટ્સ રિસાયક્લરને જ આપીએ.

૧૮.ઘરમાં, કામકાજના સ્થળે, રેસ્ટોરાં, હોટલ્સ અને કેમ્પ ખાતે વારંવાર વપરાશમાં લેવાય તેવા જ વાસણો, ડીશ, પાણીની બોટલ્સ, મગ, વગેરેનો ઉપયોગ કરીએ.

૧૯.લંચ પેક, શોપિંગ વગેરે માટે વારંવાર વપરાય તેવી બેગ/થેલીઓ રાખીએ.

૨૦.ખેતરથી ખોરાક સુધીનું અંતર ઘટાડવા માટે સ્થાનિક ખાદ્ય પદાર્થો ખરીદીએ.

૨૧.ઝેરી જંતુનાશકોથી પર્યાવરણને બચાવવા માટે ઓર્ગેનિક ફૂડના ખાદ્ય પદાર્થોનો ઉપયોગ કરીએ.

૨૨.પ્રાણીજન્ય ખોરાકનો ઉપયોગ ઘટાડીએ.

૨૩.રસોડાના એંઠવાડમાંથી ખાતર બનાવી બગીચામાં વાપરીએ.

૨૪.ટપકતાં નળ રિપેર કરાવીએ. ફુવારોનો ઉપયોગ ટાળીએ અથવા ટૂંકા સમય માટે જ કરીને પાણી બચતમાં સહયોગી બનીએ.

૨૫.તેજોમય લાઈટ બલ્બ્સને બદલે અસરકારક એલઈડી વાપરીએ, અને કાર્બન ઉત્સર્જન ઘટાડવામાં મદદરૂપ બનીએ.

૨૬.વપરાશમાં ન હોય ત્યારે, ઈલેક્ટ્રોનિક્સ વસ્તુઓની તેમજ લાઈટસની સ્વિચ બંધ રાખીએ.

૨૭.શક્ય હોય ત્યાં, સોલર પેનલ વાપરીએ.

૨૮.લિફ્ટને બદલે દાદરના પગથીયાં ચઢીએ.

૨૯.એર કન્ડીશનરનું થર્મોસ્ટેટ ૨૪ ડિગ્રી રાખીએ.

૩૦.રિચાર્જેબલ બેટરીનો ઉપયોગ કરીએ. નાના મોટા ઈલેક્ટ્રિક કે ઈલેક્ટ્રોનિક્સ સાધનોની બિનઉપયોગી બેટરીને રિસાયકિંલગ માટે જ આપીએ.

ચાલો, ક્લાયમેટ ચેન્જને અનુકૂળ પગલાં લેવાનો પ્રારંભ કરી નિરંતર ધરતીમાતાની માવજત માટે રોજબરોજ આ અભિયાન ચાલુ રાખીએ.

-નરેશ ઠાકર

- nareshkthakar@gmail.com

# જરૂરિયાતમંદ કર્મકાંડી બ્રાહ્મણોને કીટ વિતરણ કરાઈ



ગાંધીનગર, તા. ૨૧

અમદાવાદ શહેરના કનક જ્યોતિષના બેનર હેઠળ શાસ્ત્રી પ્રશાંતભાઈ, શાસ્ત્રી ભરતભાઈ, શાસ્ત્રી જયેશભાઈ (યુએસએ), શાસ્ત્રી નેમેષભાઈ, શાસ્ત્રી દિપકભાઈ, શાસ્ત્રી વિનયભાઈ, પટેલ પ્રવિણભાઈ (યુએસએ), પટેલ લહરભાઈ અને મિત્રો દ્વારા ૧૦૦ થી વધુ કર્મકાંડ કરતાં જરૂરિયાતમંદ બ્રાહ્મણોને અનાજ-શાકભાજીની કીટ બનાવી તેમને સોસાયટીની બહાર બોલાવી સરકારની ગાઈડલાઈનનું સંપૂર્ણ પાલન કરી વિતરણ કાર્ય શરૂ કરવામાં આવ્યું છે. વધુ માહિતી માટે સંપર્ક કરો : શાસ્ત્રી પ્રશાંતભાઈ - ૯૮૨૫૦૨૬૨૪૧